# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-08-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## રાજ્યપાલની કચ્છ મુલાકાત:

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને આજે ભચાઉ ખાતે શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે તેમણે શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાના પરોપકારના કાર્યોને સમાજ માટે ઉદાહરણરૂપ ગણાવીને જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં દિવ્યાંગ બાળકોની સારસંભાળ માતા-પિતા માટે પડકારરૂપ બાબત બની ગઈ છે. દિવ્યાંગજનો સમાજનું અભિન્ન અંગ હોય સંસ્થા દ્વારા વિતરણ કરવામાં આવેલી આધુનિક સાધન સામગ્રી તેમને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થશે તેમ શ્રી દેવવ્રતે ઉમેર્યું હતું. મનુષ્ય અવતારમાં પરોપકાર અને સતકાર્યો કરીને શ્રેષ્ઠ સમાજનું નિર્માણ કરવા રાજ્યપાલશ્રીએ આહવાન કરી ધરતી પર તમામ જીવો માટે કલ્યાણની ભાવના રાખવા જણાવ્યું હતું.

આ પ્રસંગે ૧૦૦ કરતાં વધુ દિવ્યાંગજનોને ઈલેક્ટ્રીક ટ્રાઈ-સાયકલ, મેન્યુઅલ ટ્રાઈ-સાયકલ, વ્હીલચેર, કૅલિપર, સ્માર્ટફોન સહિતના જીવન જરૂરિયાતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---

## પોલીસ સરપંચ પરિસંવાદ:

ગ્રામ્ય પોલીસિંગને વધુ અસરકારક અને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે આજે રાજ્યભરમાં 'પોલીસ-સરપંચ પરિસંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી

સુરત જિલ્લાના કામરેજ પોલીસ મથકમાં સરપંચો અને ગ્રામજનો સાથે પરિસંવાદમાં ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસ અને સરપંચ વચ્ચે સુમેળ અને સહયોગ વધારવા માટે આ પરિસંવાદનું આયોજન કરાયું હતું જેમાં સરપંચોને તેમના પ્રશ્નો રજૂ કરવા, સુધારાના સૂચનો આપવા અને પોલીસ સાથે સક્રિય સહયોગ કરવા માટે પ્રોત્સાહિત કરાયા હતા.

કચ્છમાં પણ આજે પુર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ જીલ્લા પોલીસ હેઠળના  વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા પોલીસ સરપંચ પરીસંવાદ કાર્યક્રમો યોજાયા હતા.

----------------------------------------------------------------------------------------------------

## ભુજ-સુરત વિમાન સેવાનો પ્રારંભ:

આગામી 21 ઓગસ્ટ 2025થી ભુજ-સુરત વચ્ચે દૈનિક વિમાની સેવાનો આરંભ થશે. આ હવાઈ યાત્રાથી મુસાફરો માત્ર એક કલાકમાં ભુજથી સુરત વચ્ચેનું અંતર કાપી શકશે.

હવાઈ યાત્રાની સેવા પૂરી પાડતી કંપની દ્વારા ભુજથી સુરત માટેની નવી ફ્લાઈટ શરૂ કરવા પ્રસ્તાવના મૂકવામાં આવી હતી. આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે.

આ વિમાની સેવામાં 50 સીટર ફ્લાઈટ ઉપયોગમાં લેવાશે. ઓનલાઈન ટિકિટ બુકિંગનો દર 3 હજાર રૂપિયાની આસપાસ રાખવામાં આવ્યો છે. ટિકિટ બુકિંગની સુવિધા પણ શરૂ થઈ ચૂકી છે. ફ્લાઈટનો માટેનો સમય હવે નક્કી કરવામાં આવશે.

----------------------------------------------------------------------------------------------------

## માનવતાવાદી સહાય અને આપતી પ્રતિભાવ તાલીમ :

ભારતીય સેનાના બાલ્ડ ઇગલ બ્રિગેડે ભુજ લશ્કરી સ્ટેશન ખાતે ગુજરાત પોલીસ સાથે મળી ઉચ્ચ-પ્રભાવિત માનવતાવાદી સહાય અને આપત્તિ પ્રતિભાવ તાલીમ કવાયત હાથ ધરી

હતી. જેનો હેતુ કુદરતી અથવા માનવસર્જિત આફતો દરમ્યાન નાગરિક અને લશ્કરી એજન્સીઓ વચ્ચે તાલમેલ, પ્રતિભાવ અને સંકલનને વધુ મજબૂત બનાવવાનો છે.

આ તાલીમ દરમ્યાન બચાવ કામગીરીથી લઇને ઝડપી પ્રતિભાવ સંકલન સુધીની બંને ટીમની વ્યવહારુ અનુભવ અને એકીકૃત કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપરાંત ગુજરાત પોલીસની સક્રિય ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## જિલ્લામાં દસ્તાવેજ નોંધણી :

મહિલાઓ સશક્ત થાય એવા હેતુથી રાજ્ય સરકાર દ્વારા મહિલાના નામે મિલકત તબદીલ થાય અને તેમના નામે દસ્તાવેજ નોંધાય, તો નોંધણી ફીમાં માફી સહિતના લાભ અપાય છે ત્યારે કચ્છમાં  ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજે 20 ટકા  દસ્તાવેજો મહિલાઓના નામે નોધાયા છે.

ચાલુ નાણાકીય વર્ષમાં કચ્છમાં 78,000થી વધુ દસ્તાવેજની નોંધણી થઈ હતી. તેમાંથી 16991 દસ્તાવેજ મહિલાઓના નામે નેંધાયા હતા અને  નોંધણી ફી પેટે રૂપિયા 13 કરોડની રકમ માફ કરવામાં આવી છે.

અત્રે ઉલેખનીય છે કે વર્ષ 2023-24ના નાણાકીય વર્ષમાં કચ્છમાં 12,000 દસ્તાવેજ મહિલાઓના નામે નોંધાયા હતા, જેમાં આ વર્ષમાં ચાર હજાર દસ્તાવેજનો વધારો થયો છે.

---------------------------------------------------------------------------------------

## ઘોરાડ પક્ષી રેડિયો કોલર ટેગ:

ગુજરાતમાં છેલ્લા બચેલા ત્રણ માદા ઘોરાડ પક્ષીને રેડિયો કોલર ટેગ કરવા ભારત સરકારે વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, દેહરાદૂનને મંજૂરી આપી છે. રાજ્યમાં નલિયાના ઘાસિયા મેદાનમાં આ ઘોરાડ પક્ષી મુક્તપણે વિચરી રહ્યા છે. ભવિષ્યમાં રાજસ્થાનથી ફલિત ઇંડા લાવી ગુજરાતમાં જમ્પ સ્ટાર્ટ અથવા એગ સ્વેપિંગ ટેક્નોલોજીનો પહેલો ઉપયોગ થશે.

રાજ્યના અગ્ર મુખ્ય વન સંરક્ષક અને ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડને જણાવ્યું કે, રાજસ્થાનમાંથી જયારે ફળદ્રુપ ઈંડા ગુજરાત લાવવામાં આવશે, ત્યારે આ ટેગિંગ દ્વારા લોકેશન ટ્રેકિંગ સરળ પડશે. જિલ્લાના મુખ્ય વન સંરક્ષક ડો.સંદિપ કુમારે જણાવ્યું કે, આ માદા ઘોરાડને ટેગ કરવાથી જમ્પ સ્ટાર્ટ ટેક્નિક અમલમાં મૂકાસે, ત્યારે માદા ઘોરાડ નું, ઈંડુ મૂક્યાની સ્થળ અને લોકેશન વૈજ્ઞાનિક ઢબે મળી શકશે.

---------------------------------------------------------------------------------------------

## નારીવંદન સપ્તાહ:

જિલ્લામાં નારીવંદન સપ્તાહની ઉજવણી અંતર્ગત મહિલા બાળ વિકાસ વિભાગના ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. ગાંધીનગર, મહિલા બાળ અધિકારીની કચેરી અને રોજગાર કચેરી તેમજ શ્રદ્ધા મહિલા વિકાસ ટ્રસ્ટ-ભુજના સંયુક્ત ઉપક્રમે અંજાર નગરપાલિકાના અધ્યક્ષ સ્થાને મહિલા રોજગાર મેળો યોજાયો હતો. મહિલાઓને સ્વરોજગાર મળી રહે તે માટે વિવિધ કંપનીઓ અને ઘરે બેસીને કામ આપી શકે તેવા નોકરીદાતાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા તેમજ લોન અને તાલીમ આપતા વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------